# નિલોફર વાવાઝોડુ નબળું પડ્યું

## હજુ સંકટ સંપૂર્ણ રીતે ટળ્યું નથી : બચાવ અને રાહત ટુકડીઓ પણ તૈનાત કરી દેવામાં આવી : ૩૧મી મધરાત્રે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી : પહેલીએ નિલોફર નલીયાકાંઠે ત્રાટકશે ત્યારે પવનની ગતિ ૭૦-૮૦ કિલોમીટર હશે

અમદાવાદ, તા.૨૯

અરબ સાગરમાં ઉદભવેલું નિલોફર નામનો સુપર સાયક્લોન હવે નબળું પડી સામાન્ય વાવાઝોડામાં પરિવર્તીત થઈ રહ્યું છે. જેના કારણે ગુજરાતના વહીવટી તંત્રને મહદઅંશે રાહત થઈ છે પરંતુ આ વાવાઝોડું તા. ૩૧મીની મધરાત્રે જ્યારે ગુજરાતના નલીયા પર ત્રાટકશે ત્યારે તેની ભયાનકતાને ઓછી આકી શકાશે નહીં. જો કે ભારે તબાહીના બદલે આ વાવાઝોડાથી સામાન્ય નુકશાન થશે તેવી શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. તેમ છતાં જ્યારે આ વાવાઝોડું ગુજરાતને અથડાશે ત્યારે પવનની ગતિ ૭૦થી ૮૦ કિલોમીટરની રહેશે અને આ વાવાઝોડાની અસરરૂપે તા. ૩૧ ઓક્ટોબર અને તા. ૧લી નવેમ્બરે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અમદાવાદ અને સૌરાષ્ટ્રમાં આજે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને દિવસ દરમ્યાન વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. રાજ્યમાં દરિયો તોફાની બને તેવી શક્યતાઓને ધ્યાનમાં રાખીને પણ ગુજરાતના બંદરોએ ભયજનક ચેતવણીવાળા બે નંબરના સિગ્નલ દર્શાવવામાં આવ્યા છે. ગુજરાત સરકાર દ્વારા વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં લઈ અસરગ્રસ્ત વિસ્તારોની શાળા-કોલેજોને તે દિવસ બંધ રાખવાના આદેશ કર્યા છે. આ ઉપરાંત માર્કેટયાર્ડ પણ બે દિવસ બંધ રહેશે. નિલોફર વાવાઝોડા સામે રાહત અને બચાવ કામગીરીને ધ્યાનમાં લઈ તમામ પ્રકારના જડબેસલાક પગલા ભરવામાં આવી રહ્યા છે જેમાં નેશનલ ડિઝાસ્ટર એન્ડ રેસક્યુ ફોર્સની ૧૪ ટીમો જુદા જુદા વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે.

દરમિયાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને મુખ્ય સચિવ વરેશ સિન્હાએ આજે જુદી જુદી ઉચ્ચસ્તરીય બેઠકો યોજી વાવાઝોડાના કારણે ઉભી થનારી સંભવિત પરિસ્થિતિ સામે હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. જેમાં એનડીઆરએફની ૧૪ ટુકડીઓના ૫૫૦ રાહત કાર્યકરો, નાવ અને બચાવ ઉપકરણો સાથે ગાંધીધામ, દ્વારકા, પોરબંદર, જુનાગઢ, વેરાવળ, રાજકોટ, સુરત, વડોદરા, કચ્છ અને ભુજ વગેરે

● અનુસંધાન પાન-૭ પર

દુર્ભાગ્ય હંમેશા તેને જ નડે છે જે પોતાની જાતને દુર્ભાગ્ય માટે જ સાચવી રાખે છે

- જનકલ્યાણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૬ | ૩૦ ઓક્ટોબર, ૨૦૧૪, ગુરૂવાર ; કારતક સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નિલોફરના પગલે શહેરના વાતાવરણમાં પલટો

ગાંધીનગર, તા. ૨૯

સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે ઉચાટ અને અજંપો સર્જી દેનાર, અરવલ્લી સમુદ્રમાં ઉદ્ભવેલુ 'નિલોફર' વાવાઝોડુ કચ્છના નલીયાના દરિયા કિનારેથી ૯૦૦ કિ.મી. દૂર છે. સિવિયર અર્થાત સુપર સાઈક્લોનમાં પરિવર્તિત થઈ ચુક્યુ છે. પરિણામે રાજ્યભરમાં તેની સીધી અસર નાગરિકો અનુભવી રહ્યા છે. વાવાઝોડાને પગલે કચ્છ નજીકના નલીયામાં ભારે વરસાદ થતા ગાંધીનગર સહિત અન્ય જિલ્લાના વાતાવરણમાં પલ્ટો આવતા ઠંડક પ્રસરી જવા પામી છે. દિવસભરના વાદળછાયા વાતાવરણ વચ્ચે લોકોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો.

ગાંધીનગર સહિત રાજ્યભરમાં નિલોફર વાવાઝોડુ હવે ભારે હાહાકાર મચાવ્યો છે. વાવાઝોડુ નલિયા-કરાચી સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે હવાનું દબાણ સર્જાતા ગત રોજથી રાજ્યભરના વાતાવરણમાં અચાનક જ પલ્ટો આવી ગયો છે. આકાશમાં ચારેબાજુ કાળાડીંબાગ વાદળો છવાઈ જતા બપોર બાદ સૂર્યનારાયણના દર્શન કરવા મુશ્કેલ બન્યા હતા. જ્યારે નલીયા-કચ્છ-જામનગર-પોરબંદર સહિતના વિસ્તારમાં તેજ ગતિએ પવન ફુકાતા અને ભેજ વધુ નોંધાતા ભારેથી અતિભારે વરસાદ થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



દિવસભર વાદળછાયુ વાતાવરણ રહ્યું

## આજે વરસાદી ઝાપટાઓની શક્યતા

અમદાવાદ, તા.૨૯

નિલોફર વાવાઝોડુ ૧૩ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી આગળ વધી રહ્યું છે ત્યારે તેની અસર હવે દેખાવવા લાગી છે. ગાંધીનગર-અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે ગાંધીનગરમાં પણ કેટલીક જગ્યાએ વરસાદી ઝાપટા પડી શકે છે. તાપમાનમાં વ્યાપક ફરેફરા થયું છે. હવામાનમાં પણ પલટો આવ્યો છે. માત્ર અમદાવાદમાં જ નહીં બલ્કે ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. સૌરાષ્ટ્ર, કચ્છ, દિવમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. મળેલી માહિતી મુજબ આજે પણ કેટલીક જગ્યાઓએ વરસાદી ઝાપટા પડ્યા હતા. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૧ અને લઘુત્તમ તાપમાન ૧૯.૯ ડિગ્રી નોંધાયું હતું જ્યારે ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૪.૨ અને લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે નલિયામાં લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી નોંધાયું હતું.

# દિપાવલીના પર્વોમાં છ હજાર ગાંધીનગરાઓ નાદુરસ્ત

## નૂતન વર્ષના દિવસે સિવિલમાં ૨૧ નવજાત શિશુએ જન્મ લીધો : સિવિલ હોસ્પિટલના તબીબોએ દિપાવલીમાં નોંધનીય સેવાઓ બજાવી

ગાંધીનગર, તા. ૨૯

દિપાવલીના પર્વો દરમ્યાન ગાંધીનગર સિવિલમાં ૬ હજાર લોકોએ સારવાર લીધી હતી. જે પૈકી ૧૮૦૦ જેટલા દર્દીઓને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર આપવામાં આવી છે.

દિપાવલીના પર્વો દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી. સતત ચાલુ રહી હતી. તબીબી અધિકારીઓએ સતત ફરજ બજાવી લોકોના દિલ જીત્યા હતા.

૨૧ ઓક્ટોબરથી ૨૮ ઓક્ટોબર દરમ્યાન ૫૯૮૪ દર્દીઓને તબીબોએ સારવાર આપી હતી. જે પૈકી ૧૮૧૬ દર્દીઓને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર આપવામાં આવી હતી.

આ દિવસો દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૬૯ ગર્ભવતી મહિલાઓને પણ દાખલ કરાઈ હતી. જે પૈકી ૧૨૪ મહિલાઓને સામાન્ય પ્રસુતિ થઈ હતી જ્યારે ૪૫ જેટલી મહિલાઓને સિઝેરીયન કરવુ પડ્યું હતું.

હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા માતૃશ્રી **સવિતાબેન લાલજીભાઈ મહેતાનું** તા.૨૭-૧૦-૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૩૦-૧૦-૨૦૧૪ને ગુરૂવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ ૨૬૪/૪, રોહન પેલેસ, સેક્ટર-૨૯, વિપુલ દુધિયાની પાછળ, ગાંધીનગર**

ડો.અરવિંદ એલ. મહેતા (વડોદરા)
ધૈવત સી. મહેતા (સિવિલ એન્જિનિયર)
સી. એલ. મહેતા (નિવૃત ના. કા. ઈ.,મા.મ. વિભાગ, આલેખન વર્તુળ)
લીનાબહેન સી. મહેતા (સેક્રેટરી, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ)

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **સ્વ. જયરામભાઈ ભારાભાઈ ભરવાડ** (ભાટગામ પંચાયત સદસ્ય) (ભાજપ માલધારી સેલ સહ કન્વીનર, ગાંધીનગર તાલુકો) તા. ૨૭/૧૦/૨૦૧૪ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. **સદ્ગતનું બેસણું / સુંવાળા તા. ૩૦/૧૦/૨૦૧૪ના રોજ ગુરૂવાર**ના રોજ સમાજની રીત-રીવાજ મુજબ રાખેલ છે.

**પાણીઢોળ ૩-૧૧-૨૦૧૪ સોમવારના રોજ રાખેલ છે.**

**સ્થળ : ભરવાડવાસ, ભાટગામ, તા.જી. ગાંધીનગર**
**(મો) ૯૫૧૦૨ ૨૧૮૫૪, ૯૯૨૪૯ ૨૫૮૬૮**

સ્વ. ભરવાડ ગણેશભાઈ રામભાઈ (પુત્ર)
ભરવાડ સેંધાભાઈ જયરામભાઈ (પુત્ર)
ભરવાડ અરજણભાઈ ભારાભાઈ (ભાઈ)
ભરવાડ મયજીભાઈ ભારાભાઈ (ભાઈ)
ભરવાડ જેસંગભાઈ ભારાભાઈ (ભાઈ)
ભરવાડ જીવણભાઈ ભોજાભાઈ (બાપા)
ભરવાડ રામભાઈ ભુલાભાઈ (કાકા)
ભરવાડ પાંચાભાઈ ભુલાભાઈ (કાકા)
ભરવાડ પોપટભાઈ લાખાભાઈ (કાકા)
ભરવાડ ગફુરભાઈ રઘુભાઈ (ભાઈ)
ભરવાડ ઘનશ્યામભાઈ રઘુભાઈ (ભાઈ)
ભરવાડ ચીનુભાઈ રઘુભાઈ (ભાઈ)
ભરવાડ મુમણભાઈ રઘુભાઈ (ભાઈ)

**સમસ્ત આજરા પરિવાર**

પ્રાંતિજ નગરની તથાં તાલુકાની જનતા ને
પ્રાંતિજ ઈંટ ઉત્પાદક મંડળ
નાં નૂતન વર્ષાભિનંદન
પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ બી. પ્રજાપતિ
મંત્રી શ્રી પ્રવિણભાઈ ડી. પ્રજાપતિ

નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન સહ...
વિના સહકાર, નહિ ઉદ્ધાર
ચિલોડા (ડ) ગ્રામ પંચાયત
મુ. પો. ચિલોડા, (ડ), તા.જી. ગાંધીનગર
ઠાકોર સવાજી ભુલાજી (સરપંચશ્રી)
વાઘેલા કરણકુમાર કનુજી (ઉપસરપંચશ્રી)
જી. વી. ઠાકોર (તલાટી કમ મંત્રી)
સભ્યશ્રીઓ
પટેલ રાગીનાબેન રોહિતકુમાર
પટેલ રાકેશકુમાર રમણભાઈ
ઠાકોર સંજયકુમાર અરજણભાઈ
પટેલ જયંતિભાઈ ગોરધનભાઈ
ઠાકોર સોનીબેન રામાજી
ચૌહાણ લીલાબેન શામલસિંહ
મનસુરી સલીમભાઈ કાસમભાઈ
પટેલ જગદીશભાઈ બાબુભાઈ
કર્મચારીગણ
પટેલ રોહિતકુમાર શંકરભાઈ - વસુલાત ક્લાર્ક
ઠાકોર મોહનજી નેનાજી - બોર ઓપરેટર
ઠાકોર ધર્મેન્દ્ર કનુજી - પટાવાળા
પટેલ બિરેનકુમાર દશરથભાઈ - વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર
સ્વચ્છતા ત્યાં પ્રભુતા
શેર-રસ્તા-ઘર આંગણે કચરો ન નાખીએ.
સહકાર આપો...

ગ્રાહક હિત સુરક્ષા મંડળ
જાગૃત ગ્રાહક-સુરક્ષીત-રક્ષીત-ગ્રાહક છે
જાગો ગ્રાહક જાગો, ગ્રાહક બજાર નો રાજા છે
ગ્રાહક સુરક્ષા સંબધી માહિતી-જાણકારી કે ફરીયાદ માટે મળો
નટુભાઈ રામજીભાઈ બારોટ
પ્રમુખ
ગ્રાહક હિત સુરક્ષા મંડળ
ગુર્જર પોળ, પ્રાંતિજ, જિ.સાબરકાંઠા
ફો. ૦૨૭૭૦-૨૩૦૮૯૯ મો. ૯૩૨૭૯૩૭૮૮૨
email: ghsn899@rediffmail.com

Gujarat State Petronet Limited
Corporate Identity Number: L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010
Tel.: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com, Email: investors.gspl@gspc.in
Pursuant to Clause 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Friday, the 7th November, 2014, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th September, 2014.
For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary
Place: Gandhinagar
Date: 29th October, 2014

નૂતન વર્ષાભિનંદન
દિપસિંહ રાઠોડ
સાંસદ શ્રી
(સાબરકાંઠા – અરવલ્લી જીલ્લો)
મારા સ્નેહીજનો, મિત્રો તથા શુભચિંતકોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન પાઠવુ છું.
આપણા દેશનું નામ સમગ્ર વિશ્વ માં સર્વપરી બને તેવા સહીયારા પ્રયત્નોનો સંકલ્પ કરીએ.



ટી.કે.વાઘેલા
તાલુકા શિક્ષણાધિકારી
વિનયસિંહ ઝાલા ક્લાર્ક
કુણાલ પટેલ ક્લાર્ક
તાલુકા પંચાયત પ્રાંતિજ શિક્ષણ શાખા
પ્રાંતિજ તાલુકા નાં સૌ પ્રાથમિક શિક્ષક ભાઈબહેનોને
નૂતન વર્ષાભિનંદન

પ્રાંતિજ શહેર મંડળ
ભારતીય જનતા પાર્ટી, પ્રાંતિજ
પ્રાંતિજ નગર અને તાલુકાની જનતાને
નવા વર્ષના સાલ મુબારક



સતીષભાઈ મનુભાઈ પંડ્યા
(અંબિકા ટ્રેડર્સવાળા)
પ્રમુખ
વિજયભાઈ પટેલ મહામંત્રી
મનુભાઈ રામચંદાણી મહામંત્રી